# જાહેરનામુ

પોલીસ કમિશ્નર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંકઃગ/ઉપક/૬૩૨/૨૦૦૩.તા.૨૮/૧૨/૨૦૦૩.

મુંબઇ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨ માં) કલમ (૩૩)(બી) આધારે મળેલ સત્તાની રુએ હું કે.આર.કૌશિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અમદાવાદ શહેરમાં અકસ્માત ઓછા કરી જાહેર જનતાને સુરક્ષા પ્રદાન કરવા, પ્રદુષણ નિયંત્રિત કરવા, વાહનવ્યવહારના સરળ પ્રવાહ નક્કી કરવાના હેતુસર નીચે મુજબનો હુકમ કરવા માગું છું.

હુકમઃ

અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશનના વિસ્તારમાં તમામ પ્રકારના ભારે વાહનો સવારે કલાક ૯.૦૦ થી રાતના કલાક ૨૧.૦૦ સુધી અંદર પ્રવેશ કરી શકશે નહિ.

ઉપરોક્ત હુકમ સવાર કલાક ૦૯-૦૦ થી રાત્રિના કલાક ૨૧-૦૦ વાગ્યા સુધી અમલમાં રહેશે અને આ હુકમ એસ.ટી.કોર્પોરેશન, એ.એમ.ટી.એસ., ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ સવાઓ તથા સરકારી વાહનોને જાહેર સેવાની કામગીરી દરમ્યાન લાગુ પડશે નહિ.

આ ભારે વાહનોને નેશનલ હાઇવે પર આવવા જવા માટે નીચેના માર્ગોને લાગુ પડશે.

૧. નારોલ સર્કલથી વિશાલા સર્કલ થઇ સરખેજ ચાર રસ્તા થઇ ગાંધીનગર તરફ જઇ શકાશે.
૨. નારોલ સર્કલથી નરોડા પાટીયા થઇ નાના ચિલોડા થઇ હિંમતનગર તરફ જઇ શકાશે.
૩. નાના ચિલોડાથી ઇન્દિરાબ્રિજ થઇ ગાંધીનગર તરફ જઇ શકાશે.

આ કચેરી તરફથી આજથી દિવસ-૩૦ માં સૂચિત જાહેરનામાના સમર્થનમાં/વિરોધમાં તથા સુધારા/વધારા માટે સૂચનો મંગાવવામાં આવે છે, આપેલ સમય મર્યાદાની અંદર નાગરિકો તરફથી પ્રાપ્ત જનમત અંગે વિચારણા કરી આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

COMMISSIONER OF POLICE AHMEDABAD CITY

તા.૨૮/૧૨/૨૦૦૩
અમદાવાદ.

(કે.આર.કૌશિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પ્રતિ,
૧. જનસંપર્ક અધિકારીશ્રી, કંટ્રોલ રુમ, અમદાવાદ શહેર.
૨/- જાણ સારું દૈનિક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

નકલ રવાના :
૧. તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
૨. તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર
૩. તમામ પો.ઇન્સ.શ્રી ____________________ અમદાવાદ શહેર
૨/- જાણ સારું તેમજ પોસ્ટે વિસ્તારમાં જાહેરાત માટે
૪. મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારું.

Heavy_Vehicle_Jahernamu